## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

### સલામી સવારની..

કરી જાય પોત પોતાનું ને પછી તરી જાય છે,
ને મળે 'ફાઇવ સ્ટાર હોદ્દો' પછી ફરી જાય છે,
મરી જાય યુદ્ધની ઇચ્છા ખરી જાય છે ઉત્સાહ -
સંમેલનોમાં દે ડણક ને પછી ઠરી જાય છે..
(બાપુ એ ચાર્જ સંભાળી લીધો)

### હાઈકુ

થઇ ગ્યા હવે,
શ્રી પ્રણવ મુકર્જી
દેશ ના દાદા..
(સેવા ફળી..)

શેકાઇ ગઇ!
ઇટાલી બેકરીમાં
મમતા હઠ..
(ઉખડ્યાં 'ખારી'ના પડ)

## ચિંતન

**વિવાહકાલે ઋતુ સંપ્રયોગે પ્રાણાત્યયે સર્વધનાપહારે ।**
**વિપ્રસ્ય ચાર્થે અપ્ય નૃતં વદેયુઃ પંચાનૃતાન્યા હુર પાતકાનિ ॥**

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા પ્રકરણ 'સામાન્ય નીતિ' એવી પાંચ ઘટના - બાબતો કહેવામાં આવી છે. જે સામાન્ય રીતે પાપ કે અનીતિ કહેવાય પણ, ખાસ સંજોગોમાં એ પાપ-અનીતિ કહેવામાં આવતું નથી.

(૧) વિવાહ પ્રસંગ હોય ત્યાં સગાં-સ્નેહી કે કોઇ બાબત સાચવી લેવા જૂઠું બોલવું પડે તેમ હોય તો જૂઠું બોલીને પણ પ્રસંગ પતાવી લેવો.

(૨) ઋતુકાળના સમયમાં સમાગમ કરવો પડે તેમ હોય તો એવા પ્રસંગે ખોટું બોલવું પડે તેમ હોય તો પણ... વાંધો નહીં.

(૩) જયારે ચોરી-લૂંટ-દુશ્મન હાથે જીવ જતો હોય ત્યારે જીવ બચાવવાની યુક્તિ-ઉપાય તરીકે જૂઠું બોલવું પડે તો બોલવું, એમાં દોષ નથી.

(૪) દરોડો પડે અને ઇન્કમટેક્ષ ભરવો પડે તેમ હોય ત્યારે બધી મિલ્કત જપ્ત થાય તેના કરતાં જે કંઇ બચે તે બચાવી લેવા થોડું જતું કરવું પડે તો વાંધો નહીં, જૂઠું બોલી શકાય.

(૫) આપણા જૂઠનું બોલવાથી કોઇ વિદ્વાન-સંત-સજ્જન-ગરીબને ફાયદો થાય તેમ હોય તો પણ જૂઠું બોલવામાં હરકત સરખું નથી.

## સુવિચાર

- પ્રાર્થના અને ધિક્કાર, એક મ્યાનમાં બે તલવાર જેમ સાથે રહી શકે નહીં, જેનું હૃદય ક્ષમા આપી શકે એ જ સાચી પ્રાર્થના કરી શકે - **સાધુ વાસવાણી**
- માનવીનું મૂલ્ય એ આધારે અંકાય છે કે તેણે કેટલા પ્રમાણમાં બાહ્ય સુખોમાંથી મુક્તિ મેળવી છે - **આઇન્સ્ટાઇન**
- વખાણ સાંભળવા સરળ છે પણ જીરવવા કઠિન છે - **ગિજુભાઇ બધેકા**
- સૌંદર્ય પવિત્રતામાં રહે છે અને સદ્‌ગુણઓમાં ચમકે છે - **શિવાનંદ સરસ્વતી**
- ચરિત્ર અને સદાચરણની ભાષા મૌન છે - **સ્વામી આનંદ**
- પરિસ્થિતિથી ગભરાઇ તેની ચિંતા કરવા કરતાં તેમાંથી મુક્ત થવાના પ્રયત્નો શરૂ કરી દેવા જોઇએ - **ડો. રાધાકૃષ્ણન**

## બોધકથા

આજકાલ રાજકારણમાં 'વારસદારો'નું ચલણ વધતું જાય છે. રાજકારણ તો બાપ-દાદાનો ધંધો, કોઇ સ્વબળે, સ્વ પ્રયત્ને, પોતાની હોંશિયારીથી 'નેતા' થઇ શકતા નથી. આધાર-ભલામણ ટેકો તો જોઇએ જ.

નાદિર શાહ એવો મોગલ બાદશાહ હતો, જે ઘોડેસવારી કરી જાતે યુદ્ધમોરચો સંભાળતો અને વિજયકૂચ કરતો, તે પોતાના સૈન્ય અને સેનાપતિ પાસેથી જાતે જ કામ લેતો. પોતાના ઘોડાની જાત સંભાળ પણ પોતે જ સંભાળતો, તે માનતો કે બીજાના ભરોસે કે વિશ્વાસે રહેવાથી નિષ્ફળતા જ મળે. સ્વાશ્રય અને સ્વબળ પર જ તેને વિશ્વાસ.

એકવાર દિલ્હીમાં વિજયકૂચ નિકળવાની હતી. નાદિર શાહનું નાગરિક સન્માન થવાનું હતું. શહેરમાંથી સવારી પસાર થવાની હતી. નાદિર શાહ પહેલીવાર હાથીની અંબાડીમાં બેસી નગરયાત્રા કરવાના હતા. હાથી શણગાર્યો હતો.

નાદિર શાહ હાથીની અંબાડીમાં ગોઠવાયા અને તરત બોલ્યા. ચાલ હાથીની લગામ મને આપી દે! મહાવત કહે, મહારાજ, આને લગામ ન હોય, એ 'અંકૂશ' થી વશ રહે, તેને માટે નિષ્ણાત મહાવત જોઇએ.

નાદિર શાહે તરત આદેશ કર્યો જેની લગામ મારા હાથમાં ન હોય એના પર હું સવારી કરું જ નહીં! હું બીજા ને ભરોસે જીતવા ઇચ્છતો નથી. ઉતરી ગયો અને પોતાના ઘોડા પર જ અસ્વારીમાં નિકળ્યો.

# મોડું થાય તે પહેલાં જાગો!

## લંડનમાં ઐતિહાસિક શ્યામજી નિવાસનું ક્રાંતિસ્થાન વેચાઇ રહ્યું છે...

### મારી નજરે

**- વિષ્ણુ પંડ્યા**



લંડનમાં જે મિત્રો ગયા હોય અને સ્વાતંત્ર્ય - ઇતિહાસમાં રસ હોય તેમને બે પ્રકારના સ્મારક - સ્થાનો જોવા મળશે. એક, જેમણે ૧૮૫૭ માં આપણા વીર વિપ્લવીઓને રહેંસી નાખ્યા હતા. તેવા અંગ્રેજ સેનાપતિઓમાં પૂતળાં... અને બીજાં, જેમણે લંડનમાં બેસીને ભારતની આઝાદીનો ધ્વજ ફરકતો રાખ્યો તેવા મહાન ક્રાંતિકારોનાં સ્થાનો!

આ બીજા પ્રકાર છે તે આપણા સમાજની ઘોર ઉપેક્ષાને લીધે અજાણ્યા થઇ ગયા છે. તેમાં પંડિત શ્યામજી કૃષ્ણવર્માનું નિવાસસ્થાન જે. ઇ.સ. ૧૯૦૦ થી ૧૯૦૫ સુધી ઇન્ડિયા હાઉસના નામે પ્રવૃત્ત હતું તે, અને બીજું ૧૯૦૫થી સાવરકરે જેને ક્રાંતિમથક બનાવી દીધું તે ભારત-ભવન.

શ્યામજી કૃષ્ણવર્માને જે ગુજરાતીઓ અને કચ્છીજનો મહાન ક્રાંતિકારી માને છે તેમને આઘાતજનક સમાચાર એ છે કે પંડિતજીના નિવાસ સ્થાનનું બજારમાં વેચાણ થવાનું છું

આજે પંડિતજી આપણી વચ્ચે નથઈ. તેમની જિનિવામાં વિદાયને ૮૦થી વધુ વર્ષ થઇ ગયાં છે. આજે આપણી વચ્ચે સાવરકર, સરદારસિંહ રાણા, લાલા હરદયાળ કે મદનલાલ ધીંગરા પણ નથી, કોઇને ફાંસી મળી તો કોઇ ભારતમાં અવસાન પામ્યા છે. વીરેન્દ્રભાઇ ચટ્ટોપાધ્યાય (સરોજિની નાયડુના ભાઇ) ને તો રશિયાની જેલમાં જ પતાવ દેવાયા હતા.

આવા અનેક ક્રાંતિકારોની કર્મભૂમિ હતું, શ્યામજીનું નિવાસ સ્થાન અને ઇન્ડિયા હાઉસ. લંડનના હાઇગેટ પર, મસવેલ હિલ માર્ગ આ ત્રણ મજલાની ઇમારત આવેલી છે. બ્રિટનની બહાવરી સરકારે અને 'લંડન ટાઇમ્સે' જેને 'મિસ્ટ્રી હાઉસ' કહ્યું હતું તે ખરેખર તો 'હિસ્ટ્રી હાઉસ' બની ગયેલું! ઇ. સ. ૧૯૦૫માં તે પંડિત શ્યામજી કૃષ્ણવર્માએ ખરીદીને તેને 'ઇન્ડિયા હાઉસ' નામ આપ્યું. પછી તો ત્યાં ક્રાંતિના પાઠ ભણવા માટે ભારતમાંથી અનેક યુવાનો પહોંચ્યા. વીર સાવરકર તેમાંના એક હતા, જેમણે અહીં બેસીને "૧૮૫૭ એ બળવો નહોતો, સ્વાતંત્ર્ય જંગ હતો" તે ઇતિહાસ લખ્યો, લંડનની ધરતી પર ૧૮૫૭ ની ઉજવણી કરી, તેના અલગારી શિષ્ય મદનલાલ ધીંગરાએ ઇંપીરીઅલ કલબમાં, ભારતમાં જુલમ વરસાવનારા, કર્ઝન વાયલીને જાહેરમાં ગોળીએ દીધો અને હસતાં હસતાં આ યુવાન લંડનની પેંટોવિલા જેલમાં ફાંસીના માચડે ચઢી ગયા! આ ઇન્ડિયા હાઉસમાં આયરલેન્ડનાં ક્રાંતિકાર ડી વેલેરા અને રશિયન નેતા લેનિન પણ આવ્યા હતા. અહીં લાલા લાજપતરાય, સરદાર અજિતસિંહ, લાલા હરદયાળ, વી.વી. એસ. અય્યર બિપીનચંદ્ર પાલ જેવા સમર્થોએ આઝાદીની જવાળા પ્રકટાવી હતી. દાદાભાઇ નવરોજી સહિત સૌએ 'હોમરૂલ લીગ' ની સ્થાપના કરી અને શ્યામજી કૃષ્ણવર્માએ ૧૯૦૫માં 'ઇન્ડિયન સોશિયોલોજિસ્ટ' અખબાર શરૂ કરીને દુનિયાને બ્રિટીશ સામ્રાજયવાદીઓએ ભારત પર કરેલા દમન, અત્યાચાર અને ગુલામીનો પર્દાફાશ કરી દીધો હતો.

આ બંને ઇમારતો નથી, આપણી સ્વાતંત્ર્ય સાધનાનાનું કીર્તિ મંદિરો છે. ક્રાંતિતીર્થો છે. તેમાં રહેનારા અંગ્રેજી નિવાસીઓ ખુલ્લી બજારમાં તેના વેચાણની જાહેરાત કરી છે. તેની કિંમત લગભગ ૧૨ થી ૧૫ કરોડ થવા જાય છે.

કચ્છ સહિત સૌરાષ્ટ્ર અને ગુજરાતના શ્યામજી પ્રેમીઓ અને સ્વાતંત્ર્યપ્રેમીઓને માટે આ ખુલ્લો પડકાર અને ખુલ્લી તક છે. શું તેઓ એક સમિતિ બનાવીને, આ રકમ ખર્ચીને 'ઇન્ડિયા હાઉસ' ખરીદીને તેને 'ક્રાંતિતીર્થ' સ્મારકમાં બદલાવી ના શકે?

તેવું થવું તો જોઇએ. હજારો પ્રસંગોમાં અનેક રીતે અઢળક ખર્ચ થાય છે. ત્યારે આ તો વિદેશની ધરતી પર ભારત અને ગુજરાત અને કચ્છની સ્વાતંત્ર્ય કથાને જાળવી રાખવાનું ઐતિહાસિક કાર્ય છે.

આ પહેલાં ગુજરાત સરકાર અને તેના મુખ્ય પ્રધાન નરેન્દ્ર મોદીએ એક ઐતિહાસિક કામ કર્યું તે જિનિવાથી પંડિતજીના અસ્થિ પરત લાવીને, માંડવીમાં 'ક્રાંતિતીર્થ' બનાવવાનું, એ કામ તો થયું અને પાંચ - સાત લાખ લોકો તેનાં દર્શને જઇ આવ્યા છે. અને બેનમૂન શાનદાર સ્મારક બન્યું છે.

પણ હવે આ બીજો પડકાર લંડનનાં 'ઇન્ડિયા હાઉસ' ને સ્મારકમાં બદલવાનો છે. એક સ્થાને તો હવે ખરીદી શકાય તેમ નથી પણ બીજાને માટે ૧૫-૧૬ કરોડ રૂપિયાની જરૂરત રહે. આપણે ત્યાં અનેક ઉદ્યોગપતિઓ છે, તેમાનાં રાષ્ટ્રપ્રેમી ઉદ્યોગપતિઓ ધારે તો આટલી રકમ કાઢીને ઇન્ડિયા હાઉસને બચાવી શકે. આ તેમને કરેલી કમાણીનું સમાજ પ્રત્યે ઋણ ચૂકવવાની તક છે. એકસો ફેકટરીની જોડે એક ક્રાંતિતીર્થની રચના એ ભારે મહત્વનો નિર્ણય બની શકે, મારા અભિપ્રાય પ્રમાણે આમ કરવા માટે દામજીભાઇ એંકરવાલા, કાંતિસેન શ્રોફ, આશાપુરા વાળા શ્રી ચેનત શાહ વગેરે એકઠા થઇને એક સમિતિ બનાવે અને જલદીથી નિર્ણય ગાંધીનગર - અમદાવાદના કચ્છી માડુઓ એ કરે. ભાનુશાળી સમાજ અને જુદા જુદા જાતિ, વ્યવસાસના સંગઠનો પણ ફૂંડ ઊભું કરે, ચેમ્બર ઓફ કોમર્સ આગળ આવે, ડોકટરો, એન્જિનિયરો, સમાજ સંસ્થાઓ, અખબારો, પણ સક્રિય થાય. અને 'ઇન્ડિયા હાઉસ' બીજા હાથોમાં ચાલ્યું જાય તે પહેલાં ખરીદીને તેને ભવ્ય ક્રાંતિ સ્મારકમાં બદલીએ તો જ આપણા મહાન ક્રાંતિકારી દેશભક્તો પ્રત્યેનું ઋણ ચૂકવ્યું ગણાશે.

અખિલ ગુજરાત ઇતિહાસ સંશોધન કેન્દ્રની વેબસાઇટ લંડનથી હેંમત પાધ્યાના ઇ-મેઇલ્સ અને દિવ્ય ભાસ્કર, ઇ-ભાસ્કર, કચ્છ ઉદય, પછી લંડનના 'ઇન્ડિયા હાઉસ' ને સ્મારકમાં બદલી શકાય કે નહીં તેનો વિચાર શરૂ થઇ ગયો છે.

પણ આ વિચાર અમલમાં મૂકવામાં ઉતાવળ કરવી જોઇએ. મકાન વેચાણમાં મૂકાયું હોય ત્યારે તેને ખરીદનારા તો ઘણા બધાં મળી રહે અને આપણા ઊંઘતા ઝડપાઇએ કે અરે, ક્રાંતિતીર્થનું ઋણ અદા કરવાનો મોદો આપણે ચૂકી ગયાં!

શ્યામજીનું વતન કચ્છ-માંડવી હતું એટલે કચ્છી માડૂઓની જવાબદારી વધી જાય છે. આ કામનો સરકાર જ કરશે એવી માન્યતા ઠીક નથી. છેવટો તે આખે આખા સમાજની જવાબદારી છે. અને સમાજમાં અખબારો, જાતિમંડળો, સંસ્થાઓ, ઉદ્યોગપતિઓ, ઉદ્યોગગૃહો, વ્યાવસાયિકો, રાજકારણીઓ... બધા જ આવી જાય છે, તેમણે જલદીથી લંડનમાં રહેલી આ શાનદાર ઐતિહાસિક ઇમારતને ખરીદીને સ્મારકમાં બદલાવી નાખવી જોઇએ. એ રીતે માંડવીનું ક્રાંતિતીર્થ - ટુરિઝમનાં જરીકેય પ્રયાસ વિના - લાખ્ખો લોકોનું શ્રધ્ધા સ્થાન બની ચૂક્યું છે, તેવું લંડનનું 'શ્યામજી - પૂણ્યસ્થાન કેમ બની ના શકે? ગુજરાતી દૈનિક ઇ-ભાસ્કરની નેટ - આવૃત્તિ પરથી આ વિગતો જાણીને એક લંડનવાસી ગુજરાતીએ જણાવ્યું કે અરે, અમને તો હવે ખબર પડી કે - લંડનમાં આપણી સ્વાતંત્ર્ય સાધનાનું આવું ઐતિહાસિક કેન્દ્ર છે! લંડનમાં એક સમર્પિત નાગરિક હેંમત પાધ્યા વર્ષોથી આ સ્મારકને માટે સક્રિય રહ્યા છે. તેમણે પણ અપીલ કરી છે.'

કચ્છી ઉદ્યોગપતિઓમાંના કેટલાક ને તો હું વ્યક્તિગત રીતે જાણું છું. તેમના મનમં સમાજ અને દેશનાં હીતની ભારોભાર ભાવના છે. આશાપુરાના ચેતન શાહ ભલે મુંબઇવાસી હોય પણ તે અને તેમનાં પત્ની દીવાબેન તો કચ્છમાં સમગ્ર ભારતના આઝાદી જંગનું કાયમી ભવ્ય પ્રદર્શન કરવા ઇચ્છે છે! દામજીભાઇ એંકરવાલા કાયમ માટે સામાજિક - રાષ્ટ્રીય કાર્યોમાં અગ્રેસર રહ્યા છે. કોલકત્તામાં (હવે સ્વર્ગસ્થ) કુંવરજીભાઇ કાયમ માટે બિદડા ટ્રસ્ટની વાત કરતા, ને જણાવતાં કે કોલકત્તાના ગુજરાતીઓમાં હું એકમાત્ર 'સફેદ ટોપી' વાળો બચ્યો છું! જો કે બિહારીભાઇ શાહ પણ એવાં જ યશસ્વી કોલકત્તાવાસી હતા. ઘરઆંગણે કચ્છમાં કાંતિસેનભાઇ શ્રોફ અને શ્રોફ પરિવારનું કામ બોલે છે... બીજા ઘણા મહાનુભાવો હશે.

મારે એટલું જ કહેવું છે કે આ બધાં, બીજા ઘણા બધાં કાર્યોની જેમ લંડનમાં 'ક્રાંતિતીર્થ' બનાવવાની વાતને ગંભીરતાથી ઉપાડી લે, તેને માટે એક સમિતિ બનાવે, જરૂર પડે ત્યાં રાજય કે કેન્દ્ર સરકારની મદદ લે અને એક સ્વતંત્ર પ્રજાકીય ટ્રસ્ટ લંડનના ઐતિહાસિક સ્થાનને એવું લોકપ્રિય અને શાનદાર બનાવે કે લંડન જતો દરેક ભારતીય ત્યાં ક્રાંતિકારોની પાવન સ્મૃતિમાં માથું નમાવવા જરૂર જાય. ખાલી કચ્છની અસ્મિતા, ખુશબુ - એમ પોરસાવાને બદલે આ પડકાર છે.

આ કરવું જોઇએ, મોડું થાય તે પહલાં અને જલ્દીથી કરવું જોઇએ.

**(સંપર્ક : વિષ્ણુ પંડ્યા. મો.૯૪૨૭૮૦૪૭૨૨)**

# જીવ ઇતિહાસમાં વિલુપ્તિકરણ એ એક સામાન્ય પ્રક્રિયા છે, કોઇ જીવનો જીવનકાળ પુરો થાય એટલે તે મૃત્યુ પામે છે, તેમ કોઇ જીવની સમગ્ર જાતિ પણ સમયાંતરે લુપ્ત થાય છે

## વન્યસૃષ્ટિ પરિચય

## વિલોપન (Extinction)

**- હેમંત સુથાર**

જીવ ઈતિહાસમાં વિલુપ્તિકરણ એ એક સામાન્ય પ્રક્રિયા છે. કોઈ જીવનો જીવનકાળ પુરો થાય એટલે તે મૃત્યુ પામે છે. તેમ કોઈ જીવની સમગ્ર જાતિ પણ સમયાંતરે લુપ્ત થાય છે.

આપણી પૃથ્વીની ઉત્પત્તિ થયા બાદ એક અંદાજ પ્રમાણે આ પૃથ્વી પર જ અબજ વર્ષથી જીવો અસ્તિત્વ ધરાવે છે. સમયાંતરે નવી જીવ જાતિઓનો ઉદ્‌ભવ થતો રહે છે. જેમાં કેટલીક જીવ જાતિઓ ખુબ જ ટૂંકાગાળામાં લુપ્ત થાય છે. જયારે કેટલીક હજ્જારો અને લાખો વર્ષ સુધી ટકી રહેવાની ક્ષમતા ધરાવે છે, ટકી રહે છે.

કોઈ ઘટનાના કારણે એક સાથે ઘણી બધી જાતિઓ વિલુપ્ત થાય ત્યારે તેવી ઘટનાઓ મહા વિલોપન (**Mass Extinction**) કહેવામાં આવે છે. આજદિન સુધીમાં આ પૃથ્વી ઉપર પાંચ વિલોપનો થયા છે. પાંચ વિલોપનો ભૌતિક કારણોસર થયાં હતા અને તે દરમિયાન ઘણા બધાં જીવોની જાતિઓ સદંત્તર નાશ પામેલ હતી. આ વિલોપનો દરમિયાન આપણી માનવજાતની હાજરી ન હતી તે સમજી શકાય તેમ છે. આ વિલોપનો દરમિયાન પૃથ્વી પરની ૯૦ ટકાથી વધુ જાતિઓ લુપ્ત થવા પામેલ છે.

પૃથ્વી પર ખુબ જ જાણીતું એવું પાંચમું મહાવિલોપન આજથી ૬૩૦ લાખ વર્ષ પહેલાં થયાનું જાણી શકાયું છે. આ ઘટના ક્રેટેશિયન - ટેય્ટીયરી કાળની ગણાય છે અને આ દરમિયાન આપણી પૃથ્વી પરથી ડાયનૌસોરસ લુપ્ત થયા. વિશાળકાય ડાયનૌસોરસ લુપ્ત થવાથી ત્યારબાદ પૃથ્વી પર સસ્તન પ્રાણીઓની વૃધ્ધિ ઝડપી થયાનું નોંધાયું છે. આ પાંચમું વિલોપ પૃથ્વીની સાથે મહાકાય ઉલ્કાપિંડ અથડાવવાની થવા પામેલ હતું.

વૈજ્ઞાનિકોના મતે હાલમાં આપણી પૃથ્વી પર છઠ્ઠું મહાવિલોપન ચાલી રહ્યું છે. આ છઠ્ઠું મહા વિલોપન ૫૦,૦૦૦ વર્ષ પહેલાંથી શરૂ થયું છે. અને આ મહાવિલોપન માટે આ માનવજાત જ દોષિત ગણવામાં આવે છે. વસ્તી વધારો, ખેતી માટે જંગલની જમીનોને સાફ કરી, ગ્લોબલ વોર્મિંગ, કુદરતી સ્રોતોનું અધિકમાત્રામાં દોહન, કુદરતી વિસ્તારોના ટુકડા થવા (**Fragmentation**) જેવા કારણો હવેના મહાવિલોપન માટે જવાબદાર છે.

યુનાઈટેડ કિંગ્ડમ સ્થિત વર્ષ ૧૯૬૩માં સ્થપાયેલ ઈન્ટરનેશનલ યુનિયન કર્ઝવેશન ઑફ નૅચર (**IUCN**) સંસ્થા આપણી પૃથ્વી પરના જીવોની સ્થિતિ જાણવા માટે અન્ય સંસ્થાઓની મદદથી સર્વે અને અભ્યાસો હાથ ધરે છે. વિશ્વ કક્ષાએ એવી જીવજાતિઓની સંરક્ષણની શું સ્થિતિ છે તેનું મૂલ્યાંકન કરીને તેને નિયમ વિવિધ કક્ષાએ (કેટેગરીઝ)માં મુકવામાં આવે છે. ભય હેઠળના જીવોની આવી યાદીને **Reddata book** માં **Red List** (લાલ યાદી) તરીકે પ્રસારીત કરવામાં આવે છે. પ્રત્યેક પાંચ વર્ષે આ રીતે અભ્યાસ હાથ ધરાય છે. અને યાદી તૈયાર કરવામાં ઓવે છે.



આઈ.યુ.સી.એન.ની કેટેગરીના ધોરણોમાં કુદરતી વાસસ્થાનો ખઆતે લુપ્ત (**Extinct in Wild**) અને સંપૂર્ણ લુપ્ત (**Extinct**) એમ બે ભાગમાં લુપ્ત પ્રાણીઓની માહિતી જાહેર કરવામાં આવે છે.

જે તે જીવજાતિ, તેની કુદરતી અવસ્થામાં તેના એક જીવનકાળ જેટલા સમયગાળામાં જોવા ન મળે તે જાતિના છેલ્લા જીવના મૃત્યુની સંપૂર્ણ ખાત્રી થાય ત્યારે જ તેને 'એકસટીન્કટ ઈન વાઈલ્ડ' જાહેર કરવામાં આવે છે. આ કક્ષાના જીવો કયાંક બંધનાવસ્થા, પાલતું કે ઉછેર માટે રખાયેલા હોય છે. જો આવા જીવની જાતિનો એક પણ સભ્ય કુદરતી, ઉપરાંત બંધનાવસ્થા કે પાલતું કે ઉછેર હેઠળ ન હોય તેને સંપૂર્ણ લુપ્ત માનવામાં આવે છે.

આઈ.યુ.સી.એન. દ્વારા ૨૯-૧-૨૦૧૧ માં લુપ્ત થયેલ જીવજાતિઓની યાદીમાં ૭૪૬ પ્રાણીઓની જાતિઓ અને ૯૬ વનસ્પતિની જાતિઓ એમ મળીને કુલ્લે ૮૪૨ જીવજાતિઓ લુપ્ત થયાની યાદીમાં છે.

આ પૃથ્વી પર પક્ષીઓની ૧૦,૦૦૦ થી વધુ જાતિઓ જોવા મળે છે, તે પૈકી ૧૨૦૦ જેટલી પક્ષની જાતિઓ લુપ્ત થવાના ભય હેઠળ ગણાય છે. વર્ષ ૧૫૦૦ થી અત્યાર સુધીમાં પક્ષીઓની ૧૯૦ જેટલી જાતિઓ લુપ્ત થયેલ છ.

લુપ્ત થતાં જીવોની યાદી બનાવતી માનવજાત પોતે પણ ભય હેઠળ છે. તે સમજી તો ચુક્યા છે. પરંતુ તે માટે ગંભીરતાપૂર્વક કોઈ પગલાં કે ઉપયોગ કરતો નથી. અન્ય જીવોના લુપ્ત થવાથી. ભવિષ્યમાં ઊભી થનારી સ્થિત માટે માનવોએ તૈયાર રહેવું પડશે.

**- hmtsuthar@gmail.com**

# ભારતીય ફોજદારી ધારા અન્વયે અશ્લીલ વસ્તુ બનાવવી, બતાવવી કે વેચાણ કરવી, અશ્લીલ ગીતો, વિડીયો જાહેર કરવા ગુનો બને છે

## વાત કાનૂન કાયદાની...

**- અશ્વિન વી. ત્રિવેદી**

ભારતીય ફોજદારી ધારામાં મહિનાઓ માટે ખાસ રક્ષણ આપવામાં આવેલ છે. જે મુજબ યંગ પર્સન્સ હાર્મફૂલ પબ્લીકેશન એક્ટ ૧૯૫૬ અને ઇન્ડિસન્ટ રીપ્રેઝન્ટેશન ઓફ વુમન એક્ટ ૧૯૮૬ અન્વયે કોઇ પણ મહિલાનું ચારિત્ર હનન કરવું, અશ્લીલ કપડા, તસ્વીર, ફોટા, ગીતો રેકર્ડ કરવા તથા તે જાહેર કરી બદનામ કરવાના કૃતયો માટે શિક્ષાની જોગવાઇ છે.

આ કાયદા પ્રમાણે હિંસા કે ક્રૂરતા દર્શાવવા વિકૃતિ દર્શાવવી કે ફેલાવવી ફોટા અપલોડ કરવા, M.M.S. કરવા ગુનાપાત્ર છે.

સ્ત્રીઓને લગતી જાહેરખબરમાં બિભત્સ રજૂઆત કરવી, હલકી પાડવી, ઉતારી પાડવી, નૈતિક અધપતન થાય તેવું કૃત્ય કરવું, હોડિંગ, પેન્ટિંગ, લખાણ ઉપર પ્રતિબંધ છે. કોઇ પણ તરૂણીની ઇચ્છા મરજી વગર દેહક્રિયામાં ધકેલવી, ગુનો બને છે.

મહિલાઓ જયારે જાહેરમાં કાણ કરવા જવાનું થાય ત્યારે તેણે પોતાના મુલ્યો, સંસ્કાર, માતાપિતાનું નામ, નામ-સન્માન અને નૈતિક જવાબદારીઓ વિષે ખ્યાલ રાખીને કામકાજ કરવું પડે છે. તરૂણાવસ્થામાં નૈતિક-અનૈતિકતાનું શિક્ષણ શાળામાં કે માબાપ પાસેથી મળે તો સમાજમાં આવું ગુનાહિત કૃત્ય ધરી શકે છે.

ઘણી વખત તરૂણો એક તરફી પ્રેમમાં વિપક્ષનું અપમાન થાય, અવહેલના થાય, બદનક્ષી થાય તે રીતે, વિકૃત રીતે બિભત્સ ફોટા, M.M.S. કે ઇન્ટરનેટ ઉપર મુકી વિકૃત આનંદ માણે છે અને સામા પક્ષે વેર ભાવે હિનકૃત્ય આચરે છે. આવા સમયે માબાપ, શિક્ષણવિદ, કે મોટી ઉંમરના વ્યક્તિઓ કાઉન્સિલીંગ કરી યોગ્ય માવજતથી કેસ હેન્ડલ કરવા જોઇએ. તે માટે થોડુંક કાયદાકીય જ્ઞાન આવશ્યક છે. દીકરા કે દીકરીને મોડેલિંગમાં, એડ એજન્સીમાં કે ફિલ્મમાં જવાનું થાય ત્યારે કાયદાકીય લખાણ એડ એજન્સી પાસે કરાવવું હિતાવહ છે, જે વ્યક્તિને સાચું - સારું, કરવું હોય પ્રોફેશનલ હોય તેવી વ્યક્તિને આવું લખાણ આપણા અચકાતાં નથી.

એકતરફી પ્રેમ કે લાગણીમાં આવી આવેશમાં આવી પ્રતિષ્ઠા કે આબરૂ દાવ ઉપર લાગે જેમાંથી ભવિષ્યમાં અસર પડે તેવા કિસ્સામાં ખુબ જ સાવચેતીથી કામ કરવું જોઇએ. કોઇ બ્લેક મેઇલીંગ કરે તો વડીલોની કે કાયદાના રક્ષકોની સલાહ લઇ આગળ વધવું જોઇએ.

શાળા કોલેજમાં યુવક યુવતીઓ ફ્રેન્ડશીપના ઓથા નીચે M.M.S. કરી પોતાના અંગત વાત કે પળો મોબાઇલમાં ડાઉનલોડ કરી અન્ય લોકો વચ્ચે ફરતા મુકે અને વિપક્ષાની કુટુંબની આબરૂ, ઇજ્જત ને અસર થાય તો તેવા સમયે યોગ્ય પુરાવા ભેગા કરી સાયબર ક્રાઇમ સેલમાં ફરિયાદ કરવી જોઇએ અને ખોટું કરનારને પાઠ ભણાવવો જોઇએ જેથી નિર્દોષ, યુવક-યુવતીઓ આપઘાત તરફ ના પ્રેરાય અને ઉજ્જવળ કારકીર્દી ધરાવતા યુવક-યુવતી આકસ્મિક મૃત્યુથી બચાવી શકાય છે. કોઇ પણ પ્રકારની અશ્લીલતા સમાજમાં ન ફેલાય તે માટે જાહેરમાં આવા પ્રકારના દૃશ્ય, શ્રાવ્ય, સ્લાઇટ શો, લખાણ, ફિલ્મ, વીડિયો ઉપર ભારતીય ફોજદારી ધારા નીચે પ્રોહીબીટેક ગણેલ છે. આવું કૃત્ય કરનારને દંડ અને શિક્ષાની જોગવાઇ કરેલ છે. છોકરીની બદનામી ના થાય તે માટે ભોગ બનનારનું નામ સરનામું ગુપ્ત રાખવામાં આવે છે.

સ્ત્રીના અનૈતિક વેપાર સાથે રક્ષણ આપવા માટે પણ કાયદો ઘડેલ છે. સ્ત્રીને બળજબરી પૂર્વક લગ્નની લાલચે ભગાડી જવી કે, જબરજસ્તીથી તેની સાથે લગ્ન કરવા તે ગુનો બને છે. દંડ અને સજાની બન્ને જોગવાઇ ભારતીય ફોજદારી ધારામાં કરેલ છે. સાત વર્ષથી ઓછી નહીં તેવી સજા ગુનેગારને ફરમાવવામાં આવે છે.

આજના આધુનિક યુગમાં ટી.વી. ફિલ્મમાં આઇટમ સોન્ગમાં પીરસાતાં અભદ્ર, અશ્લીલ ગીતો સામે સેન્સર બોર્ડે પગલાં લેવા જોઇએ, કેટલીય સામાજિક સંસ્થાઓ આવા ગીત ઉપર, ગીતકાર ઉપર હીરો-હીરોઇન ઉપર કેટલીય વખત જુદી જુદી જગ્યાએ કેસો કરેલ છે. જે શીલા કી જવાની... હોય, જલેબીબાઇ... હોય, છેવટે બદનામ તો મુન્નીએ જ થવાનું હોય છે...

દરેક માબાપ પોતાના સંતાનને સાચા - સારા શિક્ષણ અને સંસ્કાર આપે છે. પરંતુ માયાવી, આભારી, દુનિયાની અસર જલ્દી થાય છે જે આવા ગુનાહીત કૃત્યો ને પ્રોત્સાહન આપે છે. તેથી જ તરૂણ વયમાં સાચા, સારા મિત્રોની જ વધારે જરૂરીયાત હોય છે. જે તરૂણ - તરૂણોનાં ભવિષ્યને ઉજ્જવલ બનાવી શકે.

## આજના દિવસનો મહિમા

**- ભાનુપ્રસાદ એસ. દવે**

### ૧૭મી જૂન

- પોતાની આગવી સૂઝથી કલાના શિખરો સર કરનારા ડચ કલાકાર એમ.સી. એસચેરનો જન્મદિન - ૧૭-૬-૧૮૯૮.

એક જ આકારને એક સાથે વિવિધ દૃષ્ટિકોણથી રજૂ કરવાની આગવી અને મૌલિક રીત ધરાવતાં આ કલાકારે કાષ્ટકોતર કલા, અને લીથોગ્રાફીમાં નોંધપાત્ર કાર્ય કર્યું.

- ૧૯૪૪ - આઇરાલૅન્ડના સ્વાતંત્ર્યદિન તથા ભારતના પ્રસિદ્ધ વૈજ્ઞાનિક આચાર્ય પ્રફુલચંદ રોયનો બંગાળ ખાતે જન્મ.